જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦



**તા.૨૩/૦૧/૨૦૨૫ ગુરૂવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૭૭ લીટર દેશી દારૂ, ૨૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૮૭ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૧/૨૦૨૫**

**વસ્ત્રાપુરઃ** ભરતભાઇ નાથાભાઇ સોલંકી (ઉ.વ.૭૨) (રહે. અખબારનગર એપાર્ટમેન્ટ અખબારનગર સર્કલ પાસે નવા વાડજ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૧/૨૦૨૫ સાંજના ૬/૧૫ થી ૭/૧૫ વાગ્યા દરમ્યાન નવાવાડજ અખબારનગર બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડથી વસ્ત્રાપુર હિંમતલાલ પાર્ક બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડ સુધીની મુસાફરી દરમ્યાન ભરતભાઈ સોલંકીની નજર ચુકવી અજાણી વ્યક્તિએ બેગમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.વી રબારી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી